# બાવીસમી  સદી ભાવની સદી હશે

૨૧મી સદી કમ્પ્યૂટર અને ટેકનોલોજીની સદી ગણાય છે. કારણકે, ૨૦મી સદી સુધી કમ્પ્યૂટર અને ટેકનોલોજીનો વિકાસ ખૂબ જ ાેછા પ્રમાણમાં થયો હતો. કમ્પ્યૂટર ટેકનોલોજીએ તો દુનિયા જ બદલી નાંખી છે. માત્ર દુનિયા એટલે કે ભૌતિક વસ્તુઓ જ નહીં માણસને પણ બદલી નાંખ્યો છે. આજથી ૨૫-૩૦ વર્ષ પહેલાની દુનિયાને યાદ કરીએ તો ટેલિફોન ભાગ્યે જ કોઇના ઘરમાં દેખાતા હતા. શહેરી વિસ્તારમાં સોસાયટીમાં માંડ એકાદબે વ્યક્તિના ઘરમાં ફોન હતા. સોસાયટીના બાકીના સભ્યો ગૌરવ સાથે પીપી નંબર પોતાના સગાંને લખાવતા. આમ સોસાયટીના સભ્યોના ફોન પેલા બે-ત્રણ વ્યક્તિના ઘેર જ આવે અને ફોન ધરાવનાર વ્યક્તિ જેનો ફોન હોય તેને સોસાયટીના છેવાડાના ઘર સુધી બોલાવવા પણ જાય. આ ભાવ હતો વીસમી સદીમાં, પણ આજે તે ભાવ જોવા મળતો નથી. ફોનની જેમ ટી.વી.પણ સોસાયટીના અમુક સભ્યોને ત્યાં જ હોય. તે પણ બ્લેક એન્ડ વ્હાઇટ ! ૧૯૮૩ના વર્લ્ડકપ વખતે ખુબ જ ાેછા વ્યક્તિઓને ત્યાં ટી.વી. હતા. લોકો મેચ જોવા જેને ત્યાં ટી.વી. હોય ત્યાં હક્કથી જાય. જાતે ટી.વી.ચાલુ કરીને બેસે. પાણી પણ રસોડામાં જાતે જઇને પીવે. ટી.વી. નો ઓરડો આખો ભરાયેલો હોય. બધાં જ સાથે આનંદ માણે. માત્ર મેચ જ નહીં ટી.વી. પરના સારા કાર્યક્રમ જોવા સૌ અવારનવાર એકઠા થાય જ. આ ભાવ હતો.  વાહનની વાત કરીએ તો સ્કૂટર પણ સ્ટેટસ ગણાતું હતું. કોઈ સગાં આવે તો તેમને શહેરમાં ફરવા લઈ જવા કે ફિલ્મ જોવા માટે પડોશીનું સ્કૂટર માંગવામાં આવતું અને પડોશી હસતાં મોઢે સ્કૂટરની ચાવી પણ આપતા. આ ભાવ હતો વીસમી સદીનો.

એકવીસમી સદી આવતાં જ ટેકનોલોજીનો વિસ્તાર થવા માંડ્યો. વ્યક્તિની આવક વધવા માંડી. નવી નવી ટેકનોલોજી માત્ર આવી જ નહીં પણ સસ્તી કિંમતે આવવા લાગી. માણસ જે તે ટેકનોલોજીની સાથે ભળતો ગયો અને વિસ્તરતો ગયો. માણસ માનવ કરતાં ટેકનોલોજી અને પશુ-પંખીને પ્રેમ કરતો થયો. માણસ માણસથી દૂર થવા લાગ્યો અને ટેકનોલોજીનો બનતો ગયો. જ્યારે દરેકના ઘરમાં ટી.વી. નહતું ત્યારે દરરોજ સાંજે સોસાયટી કે મહોલ્લામાં ઓટલા કે ખાટલા પરિષદ મળતી, બધા પડોશીઓ વાતોના હિલોળે ચડતા, એકબીજાના સુખદુ:ખના સહભાગી બનવાનો પ્રયત્ન કરતા, પણ આજે ટી.વી.ની કૃદષ્ટિને કારણે સૌ પોતપોતાના ઘરમાં જ ભરાઇ રહે છે. મા-દીકરી પણ અલગ અલગ રૂમમાં બેસીને પોતાના મન પસંદ કાર્યક્રમો જોવામાં મશગૂલ થઈ જાય છે. ટી.વી.ના મનપસંદ કાર્યક્રમોને કારણે એક જ કુટુંબના સભ્યોને સાથે ખાવા બેસવાની અનુકૂળતા નથી. કમ્પ્યૂટર અને ઈન્ટરનેટની દુનિયાએ દીકરા-દીકરીને જાણે કે મા-બાપ પાસેથી ખેંચી લીધા હોય તેવું લાગે છે. એક જ ઘરમાં રહેતા સભ્યો ક્યારેક તો ફોન કે મોબાઇલથી જ ઘરમાં વાતચીત કરતા નજરે પડે છે. મા-બાપ-દીકરો-દીકરી ભાવશૂન્ય થતાં જાય છે, પછી પડોશીની તો ક્યાં વાત જ કરવી. આમછતાં જ્યાં ગ્રામ્ય સંસ્કૃતિ જોવા મળે છે ત્યાં થોડા ઘણા અંશે ભાવ-લાગણીના દર્શન થતાં જોવા મળે છે.

ટેકનોલોજીને કારણે દુનિયા અને માનવીના મન નાના બનતા જાય છે. વિદ્યાર્થી કે નોકરિયાત વ્યક્તિ ઘેર હાંફતો હાંફતો આવે છે. ઘરમાં ઉલ્લાસ કરતાં ઉદાસીનતા વધુ જોવા મળે છે, ત્યારે કહેવાનું મન થાય જ છે કે "ઓલ્ડ ઇઝ ગોલ્ડ". આજથી માત્ર ત્રીસેક વર્ષ પહેલાં વીસમી સદીમાં જ વળી લોકો એકબીજાને કેવી હૂંફ આપતા હતાં. નજીકનો સગો પડોશી ગણાતો. એક ઘરમાં જો ખાવાની કોઇ વાનગી બનાવવામાં આવેલ હોય તો બે-ત્રણ ડિશ અવશ્ય પણે પડોશીને ત્યાં જાય જ. અરે, ઘરને તાળું મારીને બહાર જવાનું હોય તો ચાવી પડોશીને ત્યાં જ આપવામાં આવે. આવી અનેક બાબતો દ્વારા માણસ-માણસ વચ્ચેની લાગણી, હૂંફ જોઇ શકાતી. જે આજે એકવીસમી સદીમાં ક્યાંક સંતાઇ ગઇ છે. સંતાઇ ગઇ છે એટલા માટે કહું છું કે, જે બાવીસમી સદીમાં હાજર થયે જોવા મળશે. આજની એકવીસમી સદીમાં ટેકનોલોજીએ ઊંઘવાની દવા આપી ચે, પણ તે પહેલાં તેણે જ ઊંઘ ઉડાડી પણ દીધી છે. માણસ પાસે કામ અને પૈસા વધતા જાય છે, પણ શાંતિ અને ઉત્સાહ ઘટતા જતા હોય તેમ લાગે છે. જેમાંથી બહાર નીકળવા તે કોઇની પણ હૂંફ કે લાગણી શોધશે અને તે સમયે પેલી ગ્રામ્ય સંસ્કૃતિ ધરાવતો ભાવ જ તેની પડખે આવીને ઊભો રહેશે.
આજે વ્યક્તિ સ્વાતંત્ર્યને મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે, દરેક વ્યક્તિ સમાજની પરવા કર્યા વગર પોતાની મરજી અને ઇચ્છા મુજબ જીવવામાં માને છે અને જીવે છે. આ વ્યક્તિ જ્યારે થાકીને હાંફી જશે ત્યારે તેની સાથે તેનો સમાજ જ હશે. જેનો ખ્યાલ તેને મોડા મોડા પણ આવશે, પરિણામે તે જૂનવાની લાગતી બાબતો તરફ પાછો વળશે. આજના માનવીને તેની ભાવશૂન્યતામાંથી બહાર આવવા માટે અન્યની લાગણી-ભાવની જરૂર પડશે. કમ્પ્યૂટર તેના કામ સહેલા કરી શકશે, પણ તેને ખુશી આપવાનું કામ તો બીજો માનવી જ કરી શકશે. ઓગણીસમી અને વીસમી સદીના બે સૈકામાં જેટલા અનાથાશ્રમ કે વૃદ્ધાશ્રમ નહોતા તેટલા એકવીસમી સદીમાં હશે. પણ હારેલો થાકેલો માનવી પોતાની ભૂલ સમજશે અને પોતાના ઘરડા માબાપની સેવા કરીને ગૌરવ સાથે જીવવાનું પસંદ કરશે.
આજના શિક્ષણમાં મૂલ્યો કરતાં જ્ઞાનને વદારે મહત્વ આપવામાં આવી રહ્યું ચે, ત્યારે ભવિષ્યમાં શિક્ષણ મૂલ્ય આધારિત હશે. નૈતિકતા અને લાગણી-ભાવને ખિલવવા માત્ર શિક્ષકો જ નહીં, માબાપ પણ સતત પ્રયત્નશીલ હશે. કમ્પ્યૂટરમાં પણ એવા પ્રોગ્રામ્સ અને સોફ્ટવેર હશે જે બાળકોને આનંદની સાથે ભાવજગતમાં ફરવશે. ટૂંકમાં આજની આધુનિક સદી ભલે કમ્પ્યૂટર અને ટેકનોલોજીની હોય, પણ આવતી બાવીસમી સદી ભાવની સદી હશે. માણસ લાગણીથી નીતરતો હશે. તેની દુનિયા આજની દુનિયા કરતાં ઘણી વિસ્તૃત હશે. જેનો તેને આનંદ હશે. તે પૈસાની પાછળ પાગલ નહીં હોય, પણ લાગણી-ભાવની પાછળ પાગલ હશે. આ બાબતો જ માનવીને સાચા અર્થમાં માનવી બનાવશે, તેને જીવન જીવવાની હૂંફ અને પ્રેરણા બંને આપશે. સું આપણે આજથી જ આ રીતે જીવન જીવવાની શરૂઆત કરીને દુનિયાને ફરીથી સાચા રસ્તે લાવવાની પ્રેરણા ન આપી શકીએ ? શિક્ષણના હેતુઓમાં જરૂરી સુધારા વધારા કરીને વિદ્યાર્થી અને શિક્ષકના માનસ બદલી ના શકીએ ?